# ભાજપ સમાજને જોડવાની રાજનીતી કરે છે : રાજનાથસિંહ

## સંતુલન ગુમાવી બેઠેલી કોંગ્રેસના પગમાં તાકાત નથી : ગુજરાતના ત્રણ યુવાનોનો સહારો લે છે : સાડા ત્રણ વર્ષમાં દેશ દુનિયામાં ગુજરાતનુ નામ અવલ્લનંબરે છે દેશનુ સ્વાભિમાન વધ્યુ છે : ગુજરાતના લાલનુ મસ્તક જુકે નહીં તેનો ખ્યાલ રાખજો

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર ઉત્તર વિધાનસભાની બેઠકને અનુલક્ષી કેન્દ્રીય ગૃહમંત્રીએ પેથાપુરમાં જાહેરસભો સંબોધતા જણાંવ્યુ હતુ કે છેલ્લા ત્રણ વર્ષમાં દેશનુ સ્વાભિમાન વધ્યુ છે. પ્રથમ તબક્કાના મતદાન બાદ ભાજપે હાર સ્વીકારી લીધી છે. ચુંટણીમાં હારજીત અલગ વાત છે. ભાજપ સમાજને જોડવાની રાજનીતી કરે છે. ગુજરાતના લાલનુ મસ્તક જુકે નહી તેનો ખ્યાલ રાખજો.






પ્રથમવાર તમારી વચ્ચે આવ્યો છુ. ગુજરાતમાં ઘણી સભાઓને સંબોધી છે. પરંતુ અહીં પ્રથમવાર આવવાનુ થયુ છે. પ્રથમ તબક્કાનુ મતદાન પુર્ણ થઈ ગયુ છે. આ પુર્વે કોંગ્રેસ પ્રચાર કરતી હતી કે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે પણ મતદાનના અંતે હવે કોંગ્રેસે પણ સ્વીકરી લીધુ છે કે ભાજપ સરકાર બનાવે છે. કાંગ્રેસ આરોપ લગાવે છે કે ગુજરાતમાં વિકાસ ક્યાં થયો છે. દુનિયાના કોઈપણ દેશમાં જાવ તો ગુજરાતનુ નામ લેશે. વિકાસ કેટલો થયો તેની પણ ચર્ચા થઈ શકે છે. પરંતુ દુનિયામાં ગુજરાત અને દેશનુ નામ ઉંચુ નરેન્દ્ર મોદીએ કર્યુ છે. ભારતની પ્રતિષ્ઠા સાડા ત્રણ વર્ષમાં દુનિયામાં વધી છે. સ્વાભિમાન વધ્યુ છે. આ ભાવના જવાનોમાં ન હોત તો કદાચ હજુ સુધી દેશ આઝાદ ન થયો હોત. કોંગ્રેસને વિકાસ દેખાતો નથી. ત્યારે મારે એક જ સવાલ પુછવો છે કે છેલ્લા ૨૨ વર્ષમાં ભાજપે એક પણ કામ નથી કર્યુ તો રાજીવ ગાંધી ફાઉન્ડેશને વર્ષ ૨૦૦૮ માં કેમ કહયુ હતુ કે ભારતમાં સૌથી સારી સરકાર ગુજરાતની છે. દેશમાં એજન્સી મારફતે હમણાં જ થયેલા સર્વે મુજબ ૮૩ ટકા લોકો માને છે કે દેશની અર્થવ્યસ્થા સાચી દિશામાં જઈ રહી છે. જયારે દેશના ૮૮ ટકા લોકો સાડા ત્રણ વર્ષના શાસનના અંતે સર્વાધિક લોકપ્રિય નેતા નરેન્દ્ર મોદી છે તેમ પણ માને છે. અમેરિકાએ પણ ગુડ ગર્વન્સમાં ગુજરાતનુ નામ લીધુ છે. આમછતા આરોપ પર આરોપ લાગે છે. કોંગ્રેસે સંતુલન ગુમાવી દીધુ છે .પ્રધાનમંત્રી કોઈ વ્યકિત નથી એ એક સંસ્થા છે. સંસ્થા બનાવી રાખવાની સ્વસ્થ લોકતાંત્રિક વ્યવસ્થામાં દરેક જાગૃત નાગરિકની જવાબદારી છે.

આપણે સંસ્થા માટે અવિશ્વાસ પેદા કરી દેશનુ નુકશાન કરીએ છીએ મનમાં આવી એ ન બોલાય .નરેન્દ્ર મોદીએ ધર્મ પર રાજનીતી કરી નથી. માણસાઈને ધ્યાને રાખીને રાજનીતી કરી છે. રાજનીતી માત્ર સરકાર બનાવવા માટે નહીં પરંતુ સમાજ અને દેશ બનાવવા માટે પણ કરવી જોઈએ તે સત્યને કોંગ્રેસે સમજવી જોઈએ. ઔધોગિક વિકાસ ,રોકણ, આવક, કૃષિવિકાસ ક્ષેત્રે પણ ગુજરાત અવલ્લનંબરે છે. આજે ભારત માટે દુનિયામાં પહેલા જેવી ધારણા રહી નથી. દુનિયામાં તાકાતવર દેશ ચીન પણ આ હકીકત સમજે છે.કારણ કે ભારત હવે કમજોર રહયુ નથી તે દુનિયા સમજી ગઈ છે. ભારતમાં એ તાકાત છે કે જરૂર પડે તો હદ પાર કરીને હુમલો કરશે દુનિયાને પણ આ વાતનો અહેસાસ કરાવ્યો છે. ભારત પાકીસ્તાનની સીમા પર પહેલા જેવા હાલત નથી. અટલ બિહારી બાજપાઈએ પોખરમ વિસ્ફોટ કરી સારી દુનિયાને તાકાતનો પરચો આપ્યો હતો.ગામડાઓને પણ પાકા રસ્તાઓ સાથે જોડવાનુ કામ કર્યુ છે. ભાજપ અને કોંગ્રેસ બન્નેને શાસનમાં જોયા છે.ભ્રષ્ટાચારના મામલે ભાજપને કોઈ કાંઈ કહી શકે તેમ નથી. કોંગ્રેસના પોતાના પગમાં તાકાત નથી ગુજરાતના ત્રણ નવજવાનોનો સહારો લે છે. પરંતુ એ ગુજરાતના જવાનો છે તેમના માટે અમારી હમદર્દી છે. જેની સાથે હાથ મિલાવ્યો છે તેમના રાજનીતિક ઈતિહાસ જોઈ લેવો જોઈએ. એમની જાતિના મત મેળવવા એકતાને તાર તાર કરી દેવાનો ઈરાદો છે. ભાજપ સમાજને જોડવાની રાજનીતી કરે છે.ચુંટણીમાં હારજીત અલગ વાત છે. ગુજરાતના લાલનુ મસ્તક ન જુકે તેનો ખ્યાલ રાખજો. ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર અશોક પટેલ સીધા સરળ છે. ભ્રષ્ટાચારના દાગ લાગ્યા નથી તેમને મત આપી વિજયી બનાવજો.

## છેલ્લા ૨૨ વર્ષથી એકધારો વહીવટ કરતી સરકારને હટાવો : પ્રફુલ પટેલ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ચૂંટણીનો જંગ ચરમસીમાએ પહોંચ્યો છે. ચૂંટણી પ્રચાર-પ્રસાર કરવાને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે.



ત્યારે રાજકીય પક્ષો પોતાના ઉમેદવારને જીતાડવા માટે સ્ટાર પ્રચારકો મોકલી રહ્યા છે.

ગાંધીનગરમાં પણ ઠેર-ઠેર રાજકીય પક્ષોની સભા છેલ્લા ૨૪ કલાકમાં યોજાઈ ગઈ. ત્યારે ગાંધીનગર ઉત્તર બેઠક પર એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણીની સભા સેક્ટર-૧૭ શોપીંગ સેન્ટર ખાતે યોજાઈ હતી. જેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજ્યસભાના સાંસદ પ્રફુલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને સે. ૧૭ ખાતે જંગી મેદનીને સંબોધી એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણીને જંગી બહુમતિથી વિજયી બનાવવા મતદારોને હાંકલ કરી હતી. સે. ૧૭ ખાતે આયોજીત જાહેરસભાને સંબોધિત કરતા પૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રફુલ પટેલે જણાવ્યું કે ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી એકધારો વહીવટ ચાલે છે. ગુજરાતને મોડલ બનાવી આવા દેશમાં માર્કેટીંગ કરવામાં આવે છે, પરંતુ ડુંગર દૂરથી રળીયામણા લાગે એ કહેવત જેમ અન્ય રાજ્યના નાગરીકોને કેવુ લાગે કે ગુજરાતમાં યુવાનોને રોજગારી, કામદારોને મજૂરી, ખેડૂતોને પોષણક્ષમ ભાવ તેમજ બધા વર્ગના નાગરીકો ખુશીથી સુખ-શાંતિથી રહે છે તેવુ ચિત્ર ગુજરાત મોડલ ચર્ચિત રહ્યુ. લોકસભાની ચૂંટણી આવી દેશ અંજાઈ ગયો. ગુજરાતમાં થયુ છે તે હવે દેશમાં લાવવાનુ છે. આમ સૌએ તેડી લીધા, વધાવી લીધા દેશમાં પરિવર્તન થયુ. હવે નાગરીકો જાગૃત થઈ ગયા છે. ૨૨ વર્ષ કેટલો મોટો સમય ગાળો કહેવાય છે. સમગ્ર ગુજરાતમાં ગમે તે સ્થળે જાવ તમને નાગરીકોના અનેક પ્રશ્નો સાંભળવા મળશે. ગુજરાત મોડલની વાતો

● અનુસંધાન પાના - ૫ પર

## વિધાનસભાના જંગમાં કરોડપતિ ઉમેદવારો વધ્યા

### સૌથી વધુ વયના બે ઉમેદવારો ગાંધીનગરની દહેગામ અને કલોલ બેઠક પર નસીબ અજમાવી રહ્યા છે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કરોડપતિ ઉમેદવારોની ટકાવારીમાં એક ટકાનો વધારો થયો છે. ૨૦૧૨ના ચૂંટણી જંગમાં ૨૨ ટકા ઉમેદવારો કરોડપતિ હતા જ્યારે ૨૦૧૭માં તેમાં વધારો થઈ અને ૨૩ ટકા ઉમેદવારો કરોડપતિ છે. ગુજરાત વિધાનસભાના ચૂંટણી જંગમાં ૫ કરોડથી વધુ મિલ્કત ધરાવતા ઉમેદવારોની સંખ્યા ૧૩૫ છે તો બે કરોડથી પાંચ કરોડ વચ્ચેની મિલ્કત ધરાવતા ઉમેદવારોની સંખ્યા ૧૩૧ છે. ૫૦ લાખથી ૨ કરોડ સુધીની મિલ્કતો ધરાવતા ઉમેદવારોની સંખ્યા ૩૪૮ છે. ૧૦ લાખથી ૫૦ લાખ સુધીની મિલ્કત ધરાવતા ઉમેદવારોની સંખ્યા ૪૩૭ છે. જ્યારે ૧૦ લાખથી ઓછી મિલ્કત ધરાવતા ઉમેદવારોની સંખ્યા ૭૬૪ છે.

ભાજપના ૧૪૭ ઉમેદવારો કરોડપતિ છે. તો કોંગ્રેસના ૧૨૯ ઉમેદવારો કરોડપતિ છે. ભાજપના ૧૮૧ ઉમેદવારોની સરેરાશ મિલ્કત ૯.૦૪ કરોડ અને કોંગ્રેસના ૧૭૬ ઉમેદવારોની સરેરાશ મિલ્કત ૯.૧૦ કરોડ છે. રાજ્ય વિધાનસભામાં સૌથી વધુ વય ધરાવતા દસ ઉમેદવારોમાં ગાંધીનગર જિલ્લાની બે બેઠકો પરથી જંગ લડી રહ્યા છે. દહેગામની બેઠક પર વિનુભાઈ અમીન જે ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પક્ષના ઉમેદવાર છે જેમની વય ૮૪ વર્ષની છે. કલોલની બેઠક પર એન.સી.પી.ના ઉમેદવાર કરશનજી ઠાકોરની વય ૮૨ વર્ષ છે. રાજ્યમાં ૨૫ થી ૩૫ની વય ધરાવતા ૩૯૨ ઉમેદવારો, ૩૬થી ૪૫ની વય ધરાવતા ૫૫૫, ૪૬ થી ૫૫ની વય ધરાવતા ૪૮૬, ૫૬ થી ૬૫ની વય ધરાવતા ૨૯૦ અને ૬૬ થી ૭૫ની વય ધરાવતા ૭૩ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે ૭૬ થી ઉપરથી વય ધરાવતા ૭ ઉમેદવારો મેદાનમાં છે.

## શહેરી વિસ્તારના પ્રશ્નો, શિક્ષિત બેરોજગારો, સાતમા પગાર પંચથી વંચિત કર્મચારીઓ સરકારથી ત્રસ્ત છે : કરણસિંહ વાઘેલા

ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પર એક તરફ જ્યાં ભાજપના ઉમેદવાર વિકાસના સહારે અને બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર નોટબંધી, જીએસટી તથા મોંઘવારીના મુદ્દે ચૂંટણી જીતવાના દાવા કરી રહ્યા છે. ત્યારે પ્રજાને ત્રીજો સબળ વિકલ્પ પુરો પાડવાના ભાગરૂપે જન વિકલ્પ પાર્ટીમાંથી જાણીતા એડવોકેટ કરણસિંહ વાઘેલાએ પડકાર ફેંક્યો છે. કરણસિંહ વાઘેલાનો દાવો છે કે ભાજપ અને કોંગ્રેસે અત્યાર સુધી પ્રજાને મુર્ખ જ બનાવે છે. હવે સમય પાકી ગયો છે કે પ્રજા જાગૃત અને પ્રામાણીક ઉમેદવાર પસંદ કરશે.

શંકરસિંહ વાઘેલાના જનવિકલ્પ પાર્ટીમાંથી ચૂંટણી લડી રહેલા ગાંધીનગર ઉત્તર બેઠકના ઉમેદવાર કરણસિંહ વાઘેલા મૂળ માણસા તાલુકાના બિલોદરા ગામના વતની છે. તથા કાયદાના જાણકાર હોવા સાથે રાજપૂત સમાજના પૂર્વ પ્રમુખ રહી ચુક્યા છે. તેમજ અનેક સંસ્થાઓ સાથે સંકળાઈને સેવાકીય પ્રવૃત્તિને વેગ આપતા રહ્યા છે. આ ચૂંટણીમાં તેઓ ગાંધીનગર કોર્પોરેશનના પ્રશ્નો, સાતમા પગાર પંચથી વંચિત કર્મચારીઓ, શહેરના



શિક્ષિત બેરોજગાર યુવાનો, પાટનગર નિર્માણના અસરગ્રસ્ત ખેડૂતો, પેન્શનરો વગેરેના પ્રશ્નો અંગે લડત આપવા સાથે ગરીબ બાળકોને નિઃશુલ્ક ભણતર, ફિક્સ કર્મચારીઓને પૂર્ણ વેતન તથા શહેરના નાના વેપારી, દુકાનદારો, લઘુ ઉદ્યોગો અને જીઆઈસીડીના પ્રશ્નોને સચોટ ધારદાર રજુઆત કરવાનો દાવો કરી રહ્યા છે. અત્યારે હાલ તેઓ રાત્રી બેઠકો અને નાની સભાઓ થકી મતદારોને મળીને બંને મોટા રાજકીય પક્ષના ઉમેદવારોને હંફાવી રહ્યા છે. આજે કરણસિંહ વાઘેલાએ સે. ૨૧, ૨૨, ૨૩ તેમજ નવા શહેરી વિસ્તારના નાગરીકોને મળી તેઓની રજુઆતો સાંભળી હતી. ચૂંટણી પ્રચારને ગણતરીના કલાકો બાકી રહ્યા હોવાથી ઉમેદવારો રાત-દિવસ એક કરી રહ્યા છે.








